ગાંધીનગર સમાચાર

# ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સ બે વર્ષ માટે આઉટ

## સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગમાં દોષિત મયપ્પન અને કુંદરા ઉપર આજીવન પ્રતિબંધ : ક્રિકેટની કોઈ ગતિવિધિ સાથે જોડાઈ શકશે નહીં

નવીદિલ્હી,તા. ૧૪

સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી લોધા કમિટિએ ઈન્ડિયન પ્રિમિયર લીગના ૨૦૧૩ સાથે જોડાયેલા સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગ મામલામાં બે ફ્રેન્ચાઈઝી ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સને લીગમાંથી બે વર્ષ માટે ટુર્નામેન્ટમાંથી સસ્પેન્ડ કરવાની ભલામણ કરી છે. સાથે સાથે કમિટિએ આ મામલામાં દોષિત જાહેર થયેલા ગુરુનાથ મયપ્પન અને રાજ કુંદરા ઉપર આજીવન પ્રતિબંધ મુકવાની પણ ભલામણ કરી છે. મયપ્પન અને કુંદરા હવે આજીવન બીસીસીઆઈ સાથે સંકળાયેલી કોઈપણ ક્રિકેટ ગતિવિધિમાં સામેલ થઈ શકશે નહીં. ગુરુનાથ મયપ્પન ચૈન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ ટીમ અધિકારી છે જ્યારે રાજ કુંદરા રાજસ્થાન રોયલ્સના પૂર્વ સહમાલિક છે. કમિટિએ કહ્યું છે કે, મયપ્પન જેમને ચેન્નાઈ સુપર કિંગ્સમાં માલિકોના ચહેરા તરીકે ગણવામાં આવતા અને રાજસ્થાન રોયલ્સના સહમાલિક કુંદરાએ ક્રિકેટની રમત, બીસીસીઆઈ અને આઈપીએલને બદનામ કરવાનું કામ કર્યું છે. મયપ્પન બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ અને ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે જોડાયેલી કંપની ઈન્ડિયા સિમેન્ટના માલિકી શ્રીનિવાસનના જમાઈ છે. બ્રિટનના નાગરિક અને ભારતીય મૂળના કારોબારી રાજ કુંદરા લોકપ્રિય અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ છે. સુપ્રીમ કોર્ટે સટ્ટાબાજીમાં દોષિત જાહેર થયેલા મયપ્પન અને કુંદરા તથા તેમની ફ્રેન્ચાઈઝી માટે સજા નક્કી કરવા માટે ૨૨મી જાન્યુઆરીના દિવસે પૂર્વ ચીફ જસ્ટિસ લોધા, જસ્ટિસ (નિવૃત્ત) અશોક ભાન અને જસ્ટિસ (નિવૃત્ત) આર રવિન્દ્રનવાળી એક કમિટિની રચના કરી હતી. આઈપીએલ સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગની તપાસ માટે બનાવવામાંઆવેલી જસ્ટિસ મુકુલ મુડગલ કમિટિના રિપોર્ટના આધાર પર સુપ્રીમ કોર્ટે મયપ્પન અને કુંદરાને સટ્ટાબાજીમાં સામેલ હોવા બદલ દોષિત ઠેરવ્યા હતા. લોધા કમિટિએ પોતાના ચુકાદામાં કહ્યું છે કે, મયપ્પન અને કુંદરાની ગતિવિધિથી ક્રિકેટની રમતને નુકસાન થયું છે. જસ્ટિસ લોધાએ કહ્યું છે કે, બંને પોત પોતાની કંપનીના જવાબદાર અધિકારી હતા અને તેમની જવાબદારી ક્રિકેટની રમતના ગૌરવને જાળવી રાખવાની હતી. સટ્ટાબાજી સાથે જોડાયેલી માહિતી હતી કે બીસીસીઆઈને વાત કરવાની જરૂર હતી. આના બદલે બંનેએ પોતાને પણ આવી પ્રવૃત્તિમાં સામેલ કરી દીધા હતા. જસ્ટિસ લોધાએ કહ્યું હતું કે, મયપ્પન ચેન્નાઈ સુપર કિંગ્સના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે હતા. તેમને ભ્રષ્ટાચારી પ્રવૃત્તિમાં સામેલ રહેવાની જરૂર ન હતી. મયપ્પન ચેન્નાઈ સુપર કિંગ્સના ચહેરા તરીકે ગણવામાં આવતા હતા. તેઓએ સટ્ટાબાજીમાં ભાગ લીધો હતો. રાજ કુંદરાને લઈને જસ્ટિસ લોધાએ કહ્યું હતું કે, તેઓ સટ્ટાબાજીમાં સામેલ હતા. જો કે, ફિક્સિંગના આરોપ તેમના પર સાબિત થયા નથી. કુંદરા એમ કહી ચુક્યા છે તેઓ ભારતના નાગરિક નથી જેથી તેમને નિયમો અંગે માહિતી નથી પરંતુ તેઓ ભણેલા ગણેલા છે જેથી નિયમો અંગે માહિતી ન હોય તે બાબત માની શકાય નહીં જેથી કુંદરાએ પણ નિયમો અને કાયદાઓનો ભંગ કર્યો છે. તેમના ઉપર આજીવન ક્રિકેટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારબાદ માહિતી છુપાવવા અને સમય રહેતા કાર્યવાહી નહીં કરવા બદલ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ ઉપર પણ કાર્યવાહી કરવામાં આવી છે. બંને ટીમો પર બે વર્ષ માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રાજસ્થાન રોયલ્સને લઈને જસ્ટિસ લોધાએ કહ્યું હતું કે, આ વાસ્તવિકતા છે કે, રાજ કુંદરાએ રાજસ્થાન રોયલ્સમાંથી માર્ચમાં પોતાના શેર ખેંચી લીધા હતા પરંતુ ત્યા સુધી ખુબ વિલંબ થઈ ચુક્યો હતો. આજના આ ચુકાદાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ચુકાદો આપ્યા બાદ ત્રણ સભ્યોની સમિટિએ મિડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, આઈપીએલના સીઈઓ સુંદર રમણની સામે કાર્યવાહી ઉપર વિચારણા કરવામાં આવી છે. સુંદર રમણના ભાવિ અંગે નિર્ણયમાં હજુ સમય લાગી શકે છે. કમિટિએ બીસીસીઆઈમાં સંઘર્ષના મામલા પર કહ્યું હતું કે, આના પર નિર્ણય કરતી વેળા કેટલીક બાબતો ધ્યાનમાં લેવામાં આવી રહી છે.




# મુલાયમ સામે આક્ષેપો કરનાર આઈપીએસ ઓફિસર સસ્પેન્ડ

લખનૌ,તા.૧૪

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે કહ્યું હતું કે, આઈપીએસ ઓફિસર અમિતાભ ઠાકુર દ્વારા કરવામાં આવેલા આક્ષેપો આધારવગરના દેખાઈ રહ્યા છે. અખિલેશે કહ્યું છે કે, તમામ આક્ષેપોને લઈને કોઈ પુરાવા મળતા નથી. થોડાક દિવસ પહેલા જ અખિલેશના પિતા અને સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે તેમને ધમકી આપી હતી. ફરુકાબાદમાં પત્રકારો દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં અખિલેશે કહ્યું હતું કે, એક અધિકારીને કોઈ સુચના મુલાયમસિંહ આપે તેમાં કોઈ ખોટુ દેખાતું નથી. ઉત્તર પ્રદેશના અન્ય પ્રધાન આઝમખાને માંગ કરી છે કે, ઠાકુર સામે કરવામાં આવેલા બળાત્કારના આક્ષેપોમાં ઉંડી તપાસ



કરવામાં આવે તે જરૂરી છે. ઠાકુરે શરમજનક કૃત્ય કર્યું છે. તેમને છોડવા જોઈએ નહીં. ઠાકુર સામે લખનૌમાં ગોમતીનગર પોલીસ સ્ટેશનમાં ૧૧મી જુલાઈના દિવસે એફઆઈઆર દાખળ કરવામાં આવી હતી. આઈપીએસ ઓફિસરના પત્નિનું સહ આરોપી તરીકે એફઆઈઆરમાં નામ નોંધાયેલું છે. બળાત્કારના આક્ષેપોને ઠાકુર પહેલાથી જ રદિયો આપી ચુક્યા છે અને કહ્યું છે કે, તંત્રના ઈશારે આ કાર્યવાહી કરવામાં આવી છે. બીજી બાજુ આઈપીએસ ઓફિસર અમિતાભ ઠાકુરે કહ્યું છે કે તેઓ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા તેમને સસ્પેન્ડ કરવાના નિર્ણય સામે કોર્ટમાં જશે. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ ઉપર ધમકી આપવાનો અમિતાભ ઠાકુરે આક્ષેપ કર્યો હતો. મુલાયમ સામે આક્ષેપ કર્યા બાદ તરત જ અમિતાભ સામે બળાત્કારના સંદર્ભમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, દ્વેષભાવની ભાવના દેખાઈ રહી છે.

# ગોદાવરી પુષ્કર મેળામાં ભાગદોડ મચતાં ૨૭નાં મોત





આંધ્રપ્રદેશ, તા.૧૪

આંધ્ર પ્રદેશમાં આજથી શરૂ થયેલા ગોદાવરી પુષ્કર મેળામાં લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા. મેળામાં અચાનક ભાગદોડ મચી જતાં ૨૭નાં મોત નીપજયાં છે. ભાગદોડને કારણે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમાંથી કેટલાકની હાલત નાજુક છે. તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા છે. રાજય સરકારે બચાવ કામગીરી મોટા પાયે શરુ કરી છે. રાજયના મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ પણ વહીવટીતંત્રને એલર્ટ રહેવા આદેશ આપ્યો છે.

ગોદાવરી નદીમાં સ્નાનના આરંભ સાથે જ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ક્રમશઃ વધારો થઈ રહ્યો હતો આ સમયે જ કોઈક અફવા ફેલાતાં પુષ્કરાલુ ઘાટ પર ભાગદોડ મચી હતી. આ ભાગદોડમાં ૧૦ મહિલા મૃત્યુ પામી છે. જયારે ગંભીર ઘવાયેલાઓને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. હાલ વહીવટીતંત્ર શ્રદ્ધાળુઓને શાંત પાડવાના પ્રયાસોમાં વ્યસ્ત છે. કોઠાગમ્મા સ્નાન ઘાટના પ્રવેશ દ્વારે લોકોની ભીડે ધસારો કરવાની સાથે અફવા ફેલાતા આ ઘટના ઘટી હતી. આંધ્રપ્રદેશમાં છેલ્લા ૧૪૪ વર્ષથી ગોદાવરી પુષ્કર મેળો યોજાય છે. આ મેળો રાજમુંદરી જિલ્લામાં ગોદાવરી નદીના ઘાટ પર ભરાય છે. આ પ્રસંગે સમગ્ર આંધ્રપ્રદેશ અને આસપાસના વિસ્તારોના લોકો ગોદાવરીમાં સ્નાન માટે આવે છે.

## કોલસા કૌભાંડમાં કોડા અને અન્ય ૮ સામે આરોપો ઘડાશે

નવીદિલ્હી,તા.૧૪

કોલસા કૌભાંડમાં ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડા, પૂર્વ કોલસા સચિવ એસસી ગુપ્તા, પૂર્વ ઝારખંડના મુખ્ય સચિવ અશોકકુમાર બસુ, અન્ય છ સામે આરોપો ઘડવાનો આજે કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ કેસના સંદર્ભમાં ભ્રષ્ટાચાર, ફોજદારી કાવતરા, છેતરપિંડીના આરોપસર ખાસ અદાલતે ટ્રાયલ હાથ ધરવાનો આદેશ કર્યો હતો. તેમના ઉપરાંત ખાસ સીબીઆઈ જજ ભરત પરાસરે અન્ય બે સરકારી કર્મચારી બસંતકુમાર ભટ્ટાચાર્ય અને બીપીન બિહારીસિંહ, વિરની આયર્ન સ્ટીલ એન્ડ ઉદ્યોગ લિમિટેડ, તેના ડિરેક્ટરો વૈભવ તુલ્સીયાન, મધુકોડાના નજીનાક સાથી વિજય જોશી, સીએ નવીનકુમાર સામે પણ આરોપો ઘડવાનો આદેશ કરવામાં આવ્યો છે. કોર્ટે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ ગુનાઓ માટે આ નવ લોકો સામે આરોપો ઘડવાનો આદેશ કર્યો છે. આઈપીસીની કલમ ૧૨૦બી, ૪૨૦ની જોગવાઈ હેટળ પણ કાર્યવાહી કરવાનો આદેશ કરાયો છે.

## કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહની પાકિસ્તાનને ચેતવણી

# યુદ્ધવિરામના કોઇ પણ ભંગનો હવે જડબાતોડ જવાબ અપાશે

નાસિક,તા.૧૪

કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે આજે પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી આપતા કહ્યું હતું કે કોઈ પણ યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવશે તો જડબાતોડ જવાબ આપવામા ંઆવશે. ગયા સપ્તાહ બાદથી અંકુશ રેખા પર પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામના ભંગમાં બીએસએફના બે જવાન શહીદ થયા છે. સંરક્ષણ સચિવ જી. મોહન કુમારે સેનાના બદામીબાગ હેડક્વાર્ટર્સની મુલાકાત લીધી હતી. સેનાના ૧૫ કોર્પના લેફ્ટી. જનરલ સુબ્રતા સહાએ તમામ જરૂરી માહિતી આપી હતી. પરિસ્થિતીની સમીક્ષા કર્યા બાદ કુમારે રાજભવનમાં રાજ્યપાલ એનએન વોહરાની સાથે વાતચીત કરી હતી. પાંચમી જુલાઈના દિવસે પાકિસ્તાની સેનિકો દ્વારા કરવામા ંઆવેલા યુદ્ધવિરામના ભંગમાં એક જવાનનુ મોત થયુ ંહતુ. જ્યારે નવમી જુલાઈના દિવસે આ જ સેક્ટરમાં આવા જ એક બનાવમાં વધુ એકનુ મોત થયુ હતુ. છટ્ઠી જુલાઈના દિવસે પાકિસ્તાની સેનાએ જમ્મુના અર્ણિયા સેક્ટરમાં બીએસએફની ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. નૌગામમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં બીએસએફની ૧૧૯મી બટાલિયનનનો જવાન શહીદ થયો હતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામા ંઆવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. સુરક્ષા સંસ્થાઓ પહેલાથી જ કહી રહી છે કે સરહદ પારથી હાલમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી શકે છે. ભારતમાં ઘુસણખોરી કરવા માટે મોટી સંખ્યામાં આતંકવાદીઓ સજ્જ થયેલા છે. પીરપંજાલ રેંજમાં ૩૬ લોંચ પેડ ચાલી રહ્યા છે જેમાં ૨૦૦થી ૨૨૫ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે અને આ આતંકવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. આતંકવાદીઓ સરહદ પેલે પાર યોગ્ય માળખુ ધરાવે છે. આતંકવાદીઓના ટ્રેનિંગ કેમ્પ હજુ પણ ચાલી રહ્યા છે.રાજનાથ સિંહે કઠોર નિવેદનમાં કહ્યું હતું કે, કાશ્મીર ભારતનો અખંડ ભાગ છે. પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાતચીત અંગે પૂછવામાં આવતા રાજનાથસિંહે કહ્યું હતું કે, મોદીને હાથ નહીં ફેલાયા થે લેકિન ઉનકા દોનો દેશ મેં દોસ્તી કા પ્રયત્ન થા. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાનની કોઈપણ ગેરરીતિને ચલાવી લેવા માટે ભારત તૈયાર નથી. પાકિસ્તાનની ગતિવિધિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોદી સાથે વાતચીત કર્યાના બે દિવસ બાદ જ પાકિસ્તાને ૨૬/૧૧ના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીના વોઈસ સેમ્પલ માટે કોર્ટમાં અરજી કરવાની તૈયારી બતાવી નથી જેથી તેની ગતિવિધિ ફરી એકવાર ખુલ્લી પડી છે.

# દિલ્હીને પૂર્ણ રાજ્યના દરજ્જાની માંગને ટેકો

નવીદિલ્હી,તા. ૧૪

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે ૮૧ ટકા લોકોએ તરફેણ કરી છે. આ મુદ્દા ઉપર જનમત કરવામાં આવ્યા બાદ કેટલીક મહત્વની બાબત સપાટી ઉપર આવી છે. જો કે ભારત જેવા દેશમાં જનમતને માન્યતા આપવામાં આવી નથીપરંતુ આ સર્વેથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની રજૂઆતને વધુ તાકાત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હીમાં હજારો લોકોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં ૮૧ ટકા લોકોએ કહ્યું છે કે, જો જનમત યોજાય તો તેઓ સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે મત આપશે. આ સર્વેમાં કેટલીક મહત્વની બાબત સપાટી ઉપર આવી છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષોને મત આપનાર લોકોએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. મોટાભાગના લોકોએ સંપૂર્ણ રાજ્યના દરજ્જાની માંગણીને ટેકો આપ્યો છે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં સરકાર દ્વારા દિલ્હી માટે સંપૂર્ણ રાજ્યના દરજ્જાની માંગ છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે હાલમાં જ માંગણીના સંદર્ભમાં ધ્યાન આપવા શહેરી વિકાસ મંત્રાલયને કહ્યું હતું પરંતુ કોંગ્રેસ અને ભાજપે આની સામે વાંધો ઉઠાવ્યો હતો. ભારત જેવા દેશમાં જનમતને મંજુરી આપવામાં આવી નથી. કેજરીવાલની રજૂઆતનો કાયદાકીય નિષ્ણાતો યોગ્ય ગણતા નથી. જો કે, જનમતના આધારે રાજ્યો ઈચ્છા શક્તિથી કોઈ કામ કરી શકે તેવી જોગવાઈ કાયદામાં કરવામાં આવી નથી. એએપીની સરકાર બન્યા બાદ જનમતની માંગ કરવામાં આવી રહી છે.

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

જેના બદલામાં કાં તો લણસ મળે અથવા પ્લાસ્ટિકની ડોલ કે ટબ, હવે તો સેંસ ટેક્સ, ક્યારેક ચેક મોડો પડે તો ત્રણસો ગણા ભરવા પડે, ઉપરથી ફોન પર ફોન આવતા રહે. બે નંબર દબાવો, નંબર નવ દબાવો. પછી જવાબ મળશે, અમારા બધા ગ્રાહકો અધિકારી સાથે વ્યસ્ત છે. તમારો કોલ અમારા માટે બેહદ કિમતી છે. કૃપા કરી પ્રતિક્ષા કરો. તમારો પ્રતિક્ષા સમય છે પાંચ મિનિટ સાત સેકન્ડ, સિલસિલો ચાલુ થઈ ગયો. આટલા બટન અને કાર્ડના સોલ આંકડા દબાવતા દબાવતાં આંગળીઓ દુઃખવા લાગે છે. એ તો ઠીક પણ આ મુઆ ક્રેડિક કાર્ડવાળાઓ રોજે રોજ દસ દસ નવી ઓફરો અને સ્કીમોને લઈને ફોન ધધડાવ્યા કરે છે.

મોબાઈલનો રીંગ ટોન હજુ વાગી રહ્યો છે.

'તમે પ્રદીપભાઈ બોલો છો?'

'હાં, જી બોલો'

'શું હું તમારો દસ મિનિટનો સમય લઈ શકું.'

'લઈલો' હવે પ્રદીપભાઈ કઈ રીતે કહે કે અહીં તો સમય જ સમય છે. બીજું કાંઈ છે જ નહીં.

'સર, તમે અમારી બેંકના પ્રતિષ્ઠિત ગ્રાહક છો. તમારો પાછળનો રેકોર્ડ એટલો સરસ છે કે અમારી બેંક આપને પચ્ચીસ હજારની લોન ઓફર કરે છે.'

'હા... હા... પ્રદીપભાઈ તો આશ્ચર્યમા ંપડી ગયા. બેંક સામેથી લોન આપવા તૈયાર છે. તે પણ ક્રેડિક કાર્ડ પર, પછી તેમણે વિચાર્યું. ઈમાનદાર માણસોને જ લાલચ આપવા છેતરામણાં પ્રલોભન મળે છે. આટલાં વર્ષો થયાં. કયારેય કોઈનો એક પૈસૌ ખાંધો નથી. કોઈ ઉધારી કરી નથી. એકદમ ચોખ્ખો વ્યવહાર રાખ્યો છે. તેથી ભલે કોઈ ગમે તે કહે, ઈમાનદાર હોવાનો આત્મસંતો. તો મળ્યો છે ને!'

(ક્રમશઃ)

# બજારમાં ફ્લેટ કારોબાર : રેટમાં કાપની આશા ઉપર આખરે પાણી

મુંબઈ,તા. ૧૪

શેરબજારમાં આજે ઉદાસીનતા સાથે ફ્લેટ કારોબાર રહ્યો હતો. કન્ઝ્યુમર પ્રાઈઝ ફુગાવાના આંકડામાં વધારો થયા બાદ રિઝર્વ બેંક દ્વારા રેટમાં કાપની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. જો કે, હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ડબલ્યુટીઆઈ ફુગાવો જુન મહિનામાં હળવો થયો છે. આજે સેંસેક્સ ૨૮ પોઈન્ટ ઘટીને ૨૭૯૩૩ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી છ પોઈન્ટ ઘટીને ૮૪૫૪ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં સ્થિતિ સારી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧૪ અને ૦.૩૬ ટકાની સ્થિતિ જોવા મળી હતી. આજે કારોબાર દરમિયાન ૧૫૫૧ શેરમાં તેજી અને ૧૨૮૫ શેરમાં મંદી રહી હતી. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સના આંકડા જૂનના મહિના માટે ગઈકાલે જારી કરવામાં આવ્યા હતા. શેરબજારમાં કારોબાર પૂર્ણ થયા બાદ આ આંકડા જારી કરાયા હતા. સીપીઆઈનો આંકડો ૫.૪૦ ટકા રહ્યો હતો જે નવ મહિનાની ઉંચી સપાટી જોવા મળી હતી. આના કારણે આરબીઆઈ દ્વારા નવેસરથી ગણતરી કરવામાં આવી રહી છે. મે મહિનામાં ૪.૮૦ ટકા સીપીઆઈ હતો જે વધીને હવે ૫.૪૦ ટકા થયો છે. જેના લીધે રેટમાં કાપને લઈને તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. બીજી બાજુ હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ડબલ્યુટીઆઈ જૂન મહિનામાં વધુ ઘટાડો થયો છે. આ આંકડો જૂનમાં માઈનસ ૨.૪ ટકા રહ્યો છે. આઈઆઈપીના આંકડા મે મહિના માટે શુક્રવારના દિવસે જારી કરાયા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્મમાં આજે ૦.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે બેંકેક્સમાં ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફાર્મા અને આઈટી ઈન્ડેક્સમાં ૦.૬ અને ૦.૯ ટકા વચ્ચેનો ઉછાળો રહ્યો હતો. તાતા મોટર્સના શેરમાં ચાર ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. ક્રૂડની કિંમતમાં પણ ઘટાડો રહ્યો છે જેને લીધે જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેરમાં તેજી નોંધાઈ છે. આજે કારોબાર દરમિયાન કોલ ઈન્ડિયાના શેરમાં સૌથી વધુ ૩.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે ઈન્ફોસીસ, વિપ્રો, લુપીન, હિરો મોટો અને ભેલમાં ૧-૨ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે સતત બીજા કારોબારી સેશનમાં તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૩૦૦ પોઈન્ટ ઉછળીને ૨૭૯૬૧ની સબપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૯૯ પોઈન્ટ ઉછળીને ૮૪૬૦ની સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં તેજીની અસર ભારતીય બજાર પણ જોવા મળી હતી. ડેબ્ટ બેલઆઉટ પેકેજ ઉપર ગ્રીસ સાથે યુરો ઝોનના નેતાઓ સમજૂતિ ઉપર પહોંચતા તેની અસર જોવા મળી હતી. આના કારણે દેવામાં ડુબેલું ગ્રીસ યુરોપિયન યુનિયનના સભ્ય તરીકે રહેશે. બીજી બાજુ કરન્સી મોરચા ઉપર અનિશ્ચિતતાના વાદળો દૂર થઈ રહ્યા છે અને યુરો કરન્સીમાં સ્થિરતા આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

અધિક્ષકની આ વાત સાંભળતાં જ ત્યાં આવેલા સજ્જનો તો અવાચક્ થઈ ગયા. એ પૈકીનો નટુ બોલ્યો, 'તમે શું બોલો છો? તમને ભાન છે?' આ અમારા શેઠનું અપમાન છે. એમની બદનામી છે. અમે આપેલાં અનાજ પર તો તમે અને તમારા બાળકો આખું વર્ષ નભો છો. સિવાય અમારા શેઠનો કોઈ ખરાબ અનુભવ તમને થયો છે?

આખું ગામ તમને મદદ કરે છે એટલે જ તમારી તકલીફો દૂર થાય છે. બાળકોને પહેરવા કપડાં મળે છે અને છતાંય અમારાં આ મદદ કરવાની ભાવનાને ભાંડો છો? ટીકા કરો છો. જે થાળીમાં ખાધું એમાં જ છેદ કરો છો? શરમ આવવી જોઈએ તમને.' આખું વાતાવરણ એકદમ ગંભીર થઈ ગયું. કોઈ કશું બોલતું નહોતું. ગામના આ આગેવોનો તો લાલચોળ થયેલાં હતા. થોડી ચૂપકીદી બાદ અધિક્ષક સમજાવવાનાં હેતુથી બોલ્યાં, 'સરપંચ, મારે તમને કે તમારાં શેઠને ઉતારી પાડવાની વાત નથી.'

પણ આપણા બાળકો તરફ સમાજ કઈ દૃષ્ટિથી જુએ છે, એ કહેવું હતું. પોતે આપેદા દાનનો ઉપકાર ન જતાવતાં કરેલું દાન જ શ્રેષ્ઠ છે. આપણે આને સમાજસેવાનું નામ આપીએ છીએ, પણ એ પાછળ છુપાયેલાં 'ભાવ'નું શું? મને માફ કરજો, પણ હમણાં જ બનેલો આપણાં જ ગામનો કિસ્સો તમને કહું છું.' થોડી પાણી પીને ફરી એમણે એમની વાત શરુ કરી.

'આપણાં જ ગામના એક નામી શ્રીમંતે એમના દીકરાના વિવાદ નિમિત્તે આ બાળકોને જમવા બોલાવ્યા. અગિયાર વાગે ગેયલાં બાળકોને સાંજે છેક પાંચ વાગે જમવાનું મળ્યું, અને એ પણ વધ્યું ઘટ્યું એંઠું!' અને આટલો સમય પેલા શેઠે એમની પારે પતરાળાં ઉચકાવ્યાં, પાણી આપવાનું કરાવ્યું, ૫-૭ જણાને વાસણ ઉટકવા બેસાડ્યા. કેટલાંકને એંઠું વાળવાનું કહ્યું. અમુક બાળકો પાસે વરરાજાની જાનૈયાઓની ગાડી સાફ કરાવી.... અમારા આ બાળકોએ એ બધું જ મુંગા મોંઢે કર્યું, પેટમાં બિલાડા બોલતાં હોવા છતાં, માત્ર આ સંસ્થાના સંસ્કારે તેઓ બાળમજૂરી કરતાં રહ્યાં. હવે આને 'સેવા' કહેવી કે શોષણ? એક થાળી જમણ માટે કરાયેલું શોષણ?' અધિક્ષકની આંખમાં ઝળઝળીયાં હતાં...

ભડકી ઉઠલાં સરપંચ હવે શાંત પડ્યા હતા. અને એમને આ કિસ્સો સાંભળ્યા બાદ દયા પણ આવી હતી. એમનાં હાથમાં રહેલી ગાડીની ચાવીને રમાડતાં તેઓ બોલ્યો, 'જો આવું કોઈએ કર્યું હોત તો ખરેખર શરમજનક છે. અમારાથી આવું નહીં થાય. તમે જરાય ચિંતા કરશો નહીં. અને છતાંય તમને એવું લાગતું જ હોય તો બધાં બાળકોની રસોઈ અમે અહીં આશ્રમશાળામાં જ મોકલી આપીશું.'

અમે જાતે જ એમની થાળી પીરસીશું, પછી તો ખુશ ને?' અધિક્ષક હસતાં હસતાં બોલ્યા, 'ના એવું ન કરશો. એ યોગ્ય પણ નથી. અમારા બાળકોને જેઓ સન્માનથી બોલાવે છે. પ્રેમથી જમાડે છે, આગ્રહ કરીને પીરસે છે એ દાતા-શેઠને અમારા બાળકોએ જોવો જોઈએ. કારણ સંસ્કાર એ આચરણમાંથી જ આવે છે. ખાલી વિચારોમાંથી નથી આવતાં. એમના પ્રત્યેની ભાવના અમારા બાળકોમાં આવવી જ જોઈએ. અમારી સંસ્થાના સંસ્થાપકે આ જ આદર્શ અમને આપ્યાં છે.

શિક્ષણ અને સંસ્કાર એક સાથે જ અપાય એવો એમનો આગ્રહ હતો. જેમ જમીનમાં રોપેલું એક બીજ અંકૂર બનીને ફૂટે છે અને અનેક ફળ આપે છે. એમજ અમારા બાળકો પણ સારા સાચાં નાગરિક બની સમાજમાં આવે અને એ આવી સમાજસેવા કરે એવો અમારો ભાવ છે.'

અત્યાર સુધી આ બધી વાતો બારણાની બહાર ઊભો રહી, સાંભળી રહેલો ૧૪ વર્ષનો એક આદિવાસી બાળક આવીને બોલ્યો, 'સર, અમે લગ્નમાં જમવા જઈએ એટલે ત્યાંના બેન્ડ પર અમને નાચવાની મજા આવે છે. હું અને મારા વર્ગના આદિવાસી મિત્રો અમારી બોલીના ગીતો 'અમો કાકા-બાપાના પોર્યા રે કુન્ડળીયું ખેલાડું.' ગાઈને અમારો આદિવાસી ડાન્સ કરીશું.' ... ત્યાં બેઠેલાં બધાં જ આ વાત પર ખડખડાટ હસી પડ્યા.

ચૂંટલો :

સમાજસેવાના ભાગ રૂપે આર્થિક પછાત, આશ્રમ શાળા કે અને સંસ્થાના બાળકોને જમાડ્યા એ દાન-પુણ્યનું કામ છે. માત્ર એ પાછળનો ભાવ પવિત્ર હોવો જોઈએ, એમને ઉપકાર નહીં હૂંફ-પ્રેમની જરુર છે.

(શિર્ષક પંક્તિ : કૃષ્ણ દવે)